Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-17, Issue-1, June-2023
www.researchguru.net

# મહેસાણા જિલ્લાના પ્રવાસન સ્થળો

**ડૉ. કુમારપાળ પરમાર**
અસોસિએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

**નિમિષાબેન પટેલ**
રિસર્ચ સ્કોલર, ઈતિહાસ વિભાગ, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

***સારાંશ:***
*મહેસાણા એ ગુજરાત રાજ્યનો એક જિલ્લો છે. જે રાજ્યની રાજધાની ગાંધીનગરથી 61 કિમી દૂર છે. રૂપેણ નદી મહેસાણા જિલ્લાના મુખ્ય મથકમાંથી વહે છે. મહેસાણા જિલ્લામાં બીજી ઘણી નદીઓ સાબરમતી, પુષ્પાવતી વહે છે. મહેસાણા જિલ્લાની સ્થાપના ચાવડા વંશ દ્વારા વિક્રમ સંવત 1414 માં કરવામાં આવી હતી. બાદમાં ગાયકવાડે 1902માં મહેસાણાને તેમનું મુખ્ય મથક બનાવ્યું. મહેસાણાની સ્થાપના 1960 પછી સ્વતંત્ર જિલ્લા તરીકે કરવામાં આવી હતી (Desai, 1954: 1-4). મહેસાણા જિલ્લો ગુજરાત રાજ્યમાં પ્રવાસન અને ધાર્મિક દ્રષ્ટિએ અગત્યનું સ્થાન ધરાવે છે કેમ કે અહી 11મી સદીમાં સોલકી રાજવંશોના શાસન દરમિયાન પર્યાપ્ત કલાત્મક મંદિરો અને ઐતિહાસિક સ્મારકો નિર્માણ કરવામાં આવ્યા. તે શાસકો ધાર્મિક અધ્યાત્મની સાથ-સાથે અદ્દભુત સ્થાપત્ય કલાના પ્રચાર-પ્રસાર માટે ખૂબ જ ઉત્સુક હતા. તેથી તેમણે આ ક્ષેત્રની ચૌતરફ સ્મારકોનો ઢેર જમાવ્યો છે. આમ, મહેસાણા જિલ્લામાં ફરવાલાયક અનેક સ્થળો છે, જેના વિષે જાગૃતતા કેળવવા પ્રસ્તુત શોધપત્ર તૈયાર કરવામાં આવ્યું છે.*

***ચાવીરૂપ શબ્દો:*** *મહેસાણા, પ્રવાસન સ્થળો, જોવાલાયક સ્થળો, મંદિરો, ઐતિહાસિક સ્મારકો*

## 1 પ્રસ્તાવના

મહેસાણા જિલ્લો એ ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવે છે. મહેસાણા તેની કાર્ય પદ્દધતિ, શિક્ષણ તથા આર્થિક વિકાસના આધારે રાજ્ય અને દેશમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. મહેસાણામાં ઓ.એન.જી.સી., રેલ્વે, મહેસાણા દુધસાગર ડેરી, શૈક્ષણિક સંસ્થાઓ તથા અન્ય એવી વિકાસશીલ સંસ્થાઓનાં આવેલી છે અને આજુબાજુનાં નગરો અને તાલુકાઓ જેવા કે કલોલ, કડી, વિસનગર, વિજાપુર વગેરે હાલનાં આધુનિક મહેસાણાનો અનેરો વિકાસ દર્શાવે છે. અહીં શૈક્ષણિક સંકુલો, ઉદ્યોગો તથા અન્ય વિકાસશીલ પ્રવૃત્તિઓ પણ સતત વિકસીત રહી છે.

મહેસાણાની કુલ વસ્તી ૩,૬૧,૪૪૦ છે. તેનું ભૌગોલિક સ્થાન ૨૩.૩૬ અક્ષાંશથી ૭૨.૨૩ રેખાંશ વચ્ચે આવેલું છે. તેમા રાજકીય ધોરીમાર્ગ નીકળે છે (Sinha 2014: 2-4). તેમાં ઉદ્યોગો, લઘુ ઉદ્યોગો મળીને કુલ ૨૧૬૯ લઘુ ઉદ્યોગ અને ૪૦ જેટલા મોટા ઉદ્યોગો તથા ૧૩ જેટલી સહકારી મંડળીઓ આવેલી છે (Rajyagor, 1975: 1-54). તેમા પોલિટેક્નીક કોલેજ, આઇ.ટી.આઇ., પી.ટી.સી. કોલેજો, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ તથા ૬ તાલુકાઓમાં આખો જિલ્લો વહેંચાયેલો છે. મહેસાણામાં એશિયાની સૌથી મોટી દૂધસાગર ડેરી અમુલ ડેરીની પ્રોડક્ટ આપતી એવી અનેક મંડળીઓ ધરાવતી ઉદ્યોગ ક્ષેત્રની સૌથી મોટી સંસ્થા છે. અહીં વોટર પાર્ક આવેલો છે. આ ઉપરાંત એપોલોનું વિશાળકાય મોટું કારખાનું આવેલું છે અનેક દેવાલયો વિકાસ પામ્યા છે. નર્મદાની મુખ્ય કેનાલની સાથે સાથે અહી જંગલ વિસ્તાર પણ એટલો જ મોટો છે. જેથી પ્રસ્તુત સંશોધન અભ્યાસનો હેતુ ગુજરાતની લોકસંસ્કૃતિ તેના પ્રવાસન

સ્થળો દ્વારા ઉજાગર રાખતા મહેસાણા જિલ્લાના પ્રવાસન સ્થળો વિષે જાગૃતતા લાવવાના સંદર્ભમાં કરવાનો છે.

## 2. મહેસાણામાં જોવાલાયક સ્થળો

રાજપૂત, જૈન અને હિન્દુઓના ખૂબ જ પ્રભાવશાળી પ્રમાણ મહેસાણામાં પ્રવાસીઓ માટે આકર્ષણ કેન્દ્ર રહ્યું છે. જો તમે મહેસાણાની યાત્રા કરવાની યોજના બનાવી રહ્યા છો, તો નીચેના જોવાલાયક સ્થળોની મુલાકાત જરૂરથી લેવી જોઈએ.

- **બહુચર માતા મંદિર, બેચરાજી:** મહેસાણા રેલ્વે સ્ટેશનથી લગભગ એક કલાક દૂર આવેલ બહુચર માતા મંદિર મહેસાણાના બેચરાજી તાલુકામાં આવેલું છે અને તે હિજડા સમુદાય માટે પ્રાથમિક કેન્દ્ર ગણવામાં આવે છે. સ્થાનિક લોકો આ નામનો ઉચ્ચારણ બહુચરાજી તરીકે કરે છે. આ મંદિર બાલા દેવીની ભક્તિ તરીકે ગણાય છે, જેને બેચરા માતાના નામથી પણ ઓળખવામાં આવે છે. કિંવદંતી અનુસાર બેચરા માતાની વાર્તા છે કે દંડાસૂર નામનો અસુર દંડસુર તેના પુરોગામીના મૃત્યુનો બદલો લેવા માટે રોસે ભરાયો હતો (કનૈયાલાલ, 1957: 81-82). ખરેખર તે ભગવાન શિવ પાસેથી વરદાન પ્રાપ્ત કર્યા પછી, એક ખતરો બની ગયો હતો અને દેવી પરમ્બાને એક યુવાન છોકરીના રૂપમાં દંડાસૂરની દુષ્ટતાને દૂર કરવા માટે પૃથ્વી પર આવવું પડ્યું હતું.

  આ મંદિર ઘણું જ પ્રાચીન છે, જેનો પ્રથમ સંદર્ભ 1100 ના દાયકામાં મળી આવે છે. બહુચરાજી મંદિર સંકુલમાં ત્રણ મંદિરો અને સુંદર સ્થાપત્ય છે. કેટલાક ભાગો 18મી સદીના જોવા મળે હતા.

- **ધરોઈ ડેમ, મહેસાણા:** મહેસાણા રેલ્વે સ્ટેશનથી ધરોઈ ડેમ લગભગ એક-બે કલાકના અંતરે આવેલ ધરોઈ બંધ એ ગુરુત્વાકર્ષણ આધારિત બંધ છે જે સાબરમતી નદી ઉપર બાંધવામાં આવેલ છે. તે મહેસાણા જિલ્લાના ધરોઈ ગામ નજીક આવેલ છે. ૧૯૭૮માં પૂર્ણ થયેલ આ બંધનો હેતુ સિંચાઈ, વિદ્યુત ઉત્પાદન અને પૂરનિયંત્રણ છે (Sharma, 2011: 9).

  ધરોઈ ડેમ મહેસાણા વિસ્તારમાં પ્રવાસીઓના આકર્ષણનું સ્થળ છે. તે પરિવારો અને યુગલો માટે એક દિવસની પિકનિક માટે એક આદર્શ સ્થળ છે. તે એક સુંદર, શાંત સ્થળ છે અને જેમ જેમ દિવસો પસાર થાય છે તેમ તેમ તેની સુંદરતામાં વધારો થાય છે. અહી આજુબાજુમાં વધુ વ્યાપારી પ્રવૃત્તિ નથી, તેથી જે પણ વપરાશ કરવાની સામગ્રી હોય તે પ્રવાસીઓએ સાથે રાખવાની જરૂર પડશે.

- **થોળ પક્ષી અભયારણ્ય:** થોળ એ મહેસાણા જંકશનથી લગભગ એક કલાકના અંતરે કડી તાલુકાનું આવેલું એક ગામ છે. જેના પાસે આવેલા તળાવ અને તેના કાંઠાના વિસ્તારોને થોળ પક્ષી અભયારણ્ય જાહેર કરવામાં આવેલ છે. અહીં શિયાળાની ઋતુ દરમ્યાન દેશ હિમાલય અને ઈશાન રાજ્યોના ઠંડા વિસ્તારોમાંથી અને વિદેશનાં અનેક પક્ષીઓ આવે છે જેમાં જળચર પક્ષીઓ મુખ્ય છે (વસાવડા, 2017: 1-2).

  થોળ પક્ષી અભયારણ્યમાં આવેલ થોલ તળાવ એક મનોહર સ્થળ છે અને તે યુગલોમાં એક દિવસીય પિકનિક વિસ્તાર તરીકે ખુબ જ

લોકપ્રિય છે. પક્ષીઓ અને કુદરતી સૌંદર્યને લીધે થોલ તળાવ ફોટોગ્રાફીના શોખીનો માટે એક આદર્શ સ્થળ બની ગયું છે.

- **સીમંધરસ્વામિ તીર્થ, મહેસાણા:** સીમંદર સ્વામી જૈન મંદિર મહેસાણામાં આવેલું છે અને પ્રવાસીઓ અને ધાર્મિક રસ ધરાવતા લોકો માટે આકર્ષણનું કેન્દ્ર છે. આ મંદિર પ્રાચીન સ્થાપત્ય અને શિલ્પ સૌંદર્યના અસંખ્ય ઉદાહરણોમાંનું એક છે. તેમના શિલ્પોમાં એક સ્તંભની અંદર વ્યક્તિગત દેવતાઓ, તે પ્રાચીન કારીગરોની કાર્ય કુશળતાની આશ્ચર્યજનક સાક્ષી પૂરે છે. મંદિર ટ્રસ્ટ દ્વારા મંદિરની સારી રીતે જાળવણી કરવામાં આવે છે અને અહીં લગભગ એક કલાક વિતાવી આરામથી વિતાવી શકાય છે.

  મંદિરમાં ગર્ભગૃહમાં સીમંદર સ્વામીની વિશાળ મૂર્તિ છે. જ્યારે અહીં પદ્માવતી માતાજી, મણિભદ્રવીર તેમજ ઘંટાકણ મહાવીર બિરાજમાન પણ છે અને કલ્પવૃક્ષ નીચે ચૌમુખજી સીમંધરસ્વામીજી બિરાજમાન છે (મંચુરિયાથી, 2002).

- **મોઢેરા સૂર્ય મંદિર:** મહેસાણા જિલ્લાના મોઢેરા તાલુકામાં પુષ્પાવતી નદીના કિનારે આવેલું સૂર્ય મંદિર મહેસાણાનું પ્રખ્યાત આકર્ષણનું કેન્દ્ર છે. આ મંદિર સમગ્ર ગુજરાત રાજ્ય જ નહી બલ્કી વિશ્વ વિખ્યાત છે. મોઢેરા સૂર્ય મંદિર મંદિર યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટમાં પણ સામેલ છે. આ મંદિર સંભવતઃ સોલંકી વંશના રાજા ભીમદેવ સોલંકીએ ઈસ ૧૦૨૬-૧૦૨૭માં (વિક્રમ સંવત ૧૦૮૩) કર્યું (Nisar, 2009: 34-39)

  સ્થાપત્યની દ્રષ્ટિએ મોઢેરાનું સૂર્ય મંદિર ગુજરાતના સોલંકી શૈલીના મંદિરોમાનું સૌથી ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. આ મંદિર ખૂબ જ સુંદર છે અને આખું મંદિર રેતડીયા પથ્થર (Sand Stone)થી નિર્માણ કરવામાં આવેલું જોવા મળે છે અને મંદિરની દિવાલોમાં ખૂબ જ સુંદર કોતરણી જોવા મળે છે. મોઢેરાનું સૂર્ય મંદિર ઊંચા પ્લેટફોર્મ પર બનેલું છે અને મંદિરની દિવાલોમાં દિગ્પાલ, દેવી-દેવતાઓ અને અપ્સરાઓની મૂર્તિઓ બનાવવામાં આવી છે. સાંજે અહીં લાઈટો પ્રગટાવવામાં આવે છે, જેનાથી મંદિર વધુ સુંદર દેખાય છે. મંદિર પરિસરમાં એક મ્યુઝિયમ પણ છે, જ્યાં ઘણી પ્રાચીન વસ્તુઓ એકત્ર કરવામાં આવી છે. આ મંદિરમાં પ્રવેશવા માટે પ્રવેશ ફી લેવામાં આવે છે. અહીં ભારતીય વ્યક્તિ પાસેથી 25 રૂપિયા લેવામાં આવે છે. મહેસાણામાં ફરવા માટેનું આ એક મુખ્ય સ્થળ છે (Kaul, 2002).

  મંદિરમાં ત્રણ ભાગો જોવા મળે છે - પ્રદક્ષિણા પથ સાથેનો ગર્ભગૃહ, મંડપ અને એક અલગ સભા મંડપ. સભા મંડપમાં અલંકૃત તોરણનો દરવાજો પણ જોવા મળે છો, જે ખૂબ જ સુંદર છે. સૂર્ય મંદિરની સામે એક સુંદર કુંડ જોવા મળે છે. આ કુંડને સૂર્ય કુંડ કહેવામાં આવે છે અને સ્થાનિક લોકો તેને રામ કુંડ થી ઓળખાવે છે. લંબચોરસ આકારનો આ કુંડ ખૂબ સુંદર છે. કુંડના જળસ્તર સુધી પહોંચવા માટે મંદિરની ચારે બાજુ સીડીઓ બનાવવામાં આવી છે. કુંડની અંદર નાના-મોટા અનેક મંદિરો બનાવવામાં આવ્યા છે, જે શીતલા માતા, ગણેશ, શિવ, ભગવાન વિષ્ણુને સમર્પિત છે. સૂર્ય કુંડ જોવામાં ખૂબ જ અદ્ભુત છે.

- **હવા મહેલ, મોઢેરા:** હવા મહેલ મંડપ સૂર્ય મંદિર મોઢેરા પાસે આવેલો છે જે મહેસાણાનું ઐતિહાસિક અને પ્રાચીન

સ્થળ છે. અહીં ખૂબ જ સુંદર મંડપ જોવા મળે છે, જેના થાંભલા પર ઉભો અને મંડપનો ઉપરનો છેડો સપાટ છે. અહીં એક વાવ પણ જોવા મળે છે. જે મોઢેરાની વાવ તરીકે ઓળખાય છે. આ વાવ ત્રણ માળની 11મી સદીમાં બાંધવામાં આવી હોય તેમ જણાય છે. આ વાવમાં નીચે જવા માટે પગથીયાઓ છે.

- **તારંગા હિલ, સતલાસણા:** અમદાવાદ શહેરથી ૧૪૦ કિમી દૂર સ્થિત તારંગા જૈન મંદિરો માટે જાણીતું તીર્થસ્થળ છે. તારંગા તીર્થ કે તારંગા, ભૌગોલિક રીતે અરવલ્લી પર્વતમાળાનો ભાગ છે જ્યારે રાજકીય રીતે મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકામાં આવેલી છે. બારમી સદીમાં અહીં શ્વેતાંબર સોલંકી રાજા કુમારપાળે ભગવાન અજિતનાથનું એક ખૂબ સુંદર મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. આ પહાડી વિસ્તારને જૈન સિદ્ધ ક્ષેત્ર પણ કહેવાય છે. પહાડી ઉપર ચૌદ દિગંબર અને પાંચ શ્વેતાંબર મંદિર બનાવવામાં આવેલાં છે. એમ માનવામાં આવે છે કે આ પહાડીઓના શિખર પર અનેક સંતોએ મોક્ષ પ્રાપ્ત કર્યો હતો (Shivangi, 2021: 22-28).

  અહીં એક બોટનિકલ ગાર્ડન છે, જ્યાં વિવિધ પ્રકારના વૃક્ષો અને છોડ વાવવામાં આવ્યા છે. આ બોટનિકલ ગાર્ડન તીર્થ કાર વન તરીકે પણ ઓળખાય છે. અહીં નક્ષત્ર વન, નવગ્રહ વન જોઈ શકાય છે, જેમાં ગ્રહો પ્રમાણે છોડ વાવવામાં આવે છે. અહીં એક નાની વાવ પણ બાંધવામાં આવેલી જોવા મળે છે. આ સિવાય તમને તારંગા હિલમાં જોવાલાયક અન્ય જગ્યાઓમાં સિદ્ધ શિલા, કોટી શિલા, મોક્ષ બારી, ભૈરવ ટેકરી, તારંગા તળાવ છે. મહેસાણામાં ફરવા માટેનું આ સ્થળ પર ટ્રેકિંગની પણ મજા માણી શકાય છે.

- **વલ્લભ ભટ્ટ ની વાવ, બહુચરાજી:** વલ્લભ ભટ્ટની ઐતિહાસિક વાવ બહુચરાજીમાં આવેલી જે વલ્લભ ભટ્ટજીને સમર્પિત છે. બહુચરા માતાજીના પરમ ભક્ત વલ્લભ ભટ્ટજી કવિ હતા. અહીંનું વાતાવરણ કુદરતી છે અને અહીં ફરવું ગમે તેમ છે. આ સ્થળ મહેસાણાના બેચરાજી તાલુકાથી થોડે દૂર આવેલું છે.

- **હાટકેશ્વર મંદિર, વડનગર:** કહેવાય છે કે, વર્ષો પહેલાં ચિત્રગુપ્ત નામના એક નાગર બ્રાહ્મણે ભગવાન શિવને વડનગરમાં બીરાજમાન થવાને પ્રસન્ન કરવા ઘોર તપસ્યા કરીદાદા શંકરે . પ્રસન્ન થઈને કહ્યું કે,વડનગર મંદિર બનાવી તેમાં સોનાના લીંગની સ્થાપના કર તેમાં હું પ્રગટ થઈશ અને ચિત્રગુપ્તની આગેવાનીમાં ઉદ્યમી અને ખંતિલા નાગરો મંડી પડ્યા. અનુપમ કલાકૃતિઓ સહિત મંદિર તૈયાર કર્યું અને એમાં સોનાના લીંગની સ્થાપના કરી . કહેવાય છે કે, ભગવાન શિવ સ્વયં એ લીંગમાંથી પ્રગટ થયા !અહી ચૈત્ર સુદ ચૌદશ અને ત્યાર પછીના દિવસને "હાટકેશ્વર જયંતિ" તરીકે ઉજવાય છે. આશરે સાડા ચારસો વર્ષ પુરાણુ આ મંદિરની બહાર બાજુ પણ કલાત્મક કોતરણીઓ છે. મંદિરના ગર્ભગૃહ સહિતના દરવાજામાં પણ કલામયી લાવણ્યનો સમન્વય જોવા મળે છે . વિષ્ણુ ભગવાનના દશાવતારના શિલ્પો અને દિવાલોમાં અપ્સરાઓની મૂર્તિઓ, સંગીતનાં સાધનો સાથે વગાડનાર, વિવિધ દેવીઓ, રામાયણ અને મહાભારતનાં દ્રશ્યો, નવગ્રહ વગેરેના શિલ્પો નોધપાત્ર છે, ઉપરાંત મંદિર સંકુલમાં તમે કાશી વિશ્વેશ્વર શિવ

મંદિર, સ્વામિનારાયણ મંદિર અને જૈન મંદિર જોવાલાયક છે.

- **શર્મિષ્ઠા તળાવ, વડનગર:** આ તળાવ સોલંકી સમયગાળાના પાણીની જાળવણી પદ્ધતિઓનું એક રસપ્રદ ઉદાહરણ છે, કારણ કે તે હજી ઉપયોગમાં છે. તે અરાવલિની ટેકરીઓમાંથી વહેતા કપિલા નદીના પાણી દ્વારા બનાવવામાં આવેલું એક પ્રાચીન તળાવ છે. 4500 વર્ષ પહેલાં પ્રારંભિક વસાહતો તેના ઉત્તરપૂર્વીય કિનારે હતા. બાદમાં જળને જાળવી રાખવા માટે આજુબાજુ એક વાવ બંધાવેલી હતી. તળાવની ફરતે બાઉન્ડ્રી વોલ છે અને બેસવા માટેની જગ્યાઓ પણ છે. તળાવની મધ્યમાં એક ટાપુ છે, જ્યાં ફરવા જઈ શકાય તેમ છે.

  તળાવની નજીક એક બગીચો છે અને શ્રી ગોસાઈજીના બેસણાના દર્શન થાય છે. અહીં સરુદ્દીન અને ઝૈનુદ્દીન રહેમતુલ્લાની દરગાહ પણ જોવા મળે છે . આ દરગાહ ખૂબ જ સુંદર છે અને અહીં એક વિશાળ ઘુમ્મટ બનાવવામાં આવ્યો છે.

- **કીર્તિ તોરણ, વડનગર:** 12 મી સદીની કમાન છે, જે કમાનને ટેકો આપે છે, લગભગ 40 ફૂટ જેટલો ઊંચાઈ ધરાવતું આ તોરણ લાલ અને પીળા રેતડીયા પથ્થરોથી બાંધવામાં આવેલ છેતેઓ . અર્જુન બારીમાંથી નીચે જતાં શર્મિષ્ઠા તળાવ કાંઠે ભવ્ય રીતેઉભું છેસોલંકી . સમયગાળા દરમિયાન ગુજરાતના સ્થાપત્યની આગવી ઓળખ તે આ પ્રવેશ દ્વાર સમાન કીર્તિ તોરણ છે, જેની કોતરણી શૈલીમાં દેવી-દેવતાઓની મૂર્તિઓ સિધ્ધપુરમાં રુદ્ર મહાલય જેવી છે

- **તાના રીરી સ્મારકો, વડનગર:** તાના અને રીરી એ આશરે ઈ.સ.૧૫૬૪ ની આસપાસ જન્મેલી બે છોકરીઓ વિશેની એક ભારતીય વાર્તા છે, જેમને અકબરના દરબારમાં ગાવાનું કહેવામાં આવ્યું હતું. આ વાર્તા ગુજરાતી લોક સંસ્કૃતિનો ભાગ બની ગઈ છે. તાના અને રીરી એ જોડિયા બહેનો હતી અને તેઓ ઉત્તરી ગુજરાત રાજ્યના વિસનગર નજીક વડનગરના વતની હતા. આ બંને છોકરીઓ નરસિંહ મહેતા સાથે નજીકની સંબંધી હતી. નરસિંહ મહેતાની પૌત્રી શર્મિષ્ઠા, તાના અને રીરીની માતા હતી. આ તાના અને રીરી ખરેખર આ બે બહેનોની સમાધિ છે.

  તાના અને રીરીના મંદિરોને સાથે-સાથે સરસ્વતી માતાજીની વિશાળ પ્રતિમા અહી જોવા મળે છે. અહીં એક વિશાળ થિયેટર છે, જ્યાં દર વર્ષે તાના રીરી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે, જેમાં દેશ-વિદેશમાંથી કલાકારો આવે છે અને ભાગ લે છે. અહીં એક સુંદર બગીચો અને તળાવ છે, જે ફરવા માટેનું આ એક શ્રેષ્ઠ સ્થળ છે.

- **શ્રી ઉમિયા માતા મંદિર, ઊંઝા:** ઉમિયાનું આ મંદિર પ્રથમ કોણે બનાવ્યું તેની કોઈ આધારભૂત માહિતી નથી. વહીવંચા બારોટોના ચોપડાના આધારે ભગવાન શંકરે મા ઉમિયાની ઊંઝા ખાતે સ્થાપના કરી. તે બાદ રાજા વ્રજપાલસિંહજીએ મંદિર બનાવ્યું અને મોટો યજ્ઞ કર્યો. તે બાદ રાજા અવનીપતે મા ઉમિયાની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી અને સવા લાખ શ્રીફળ હોમ્યા અને ઘીના કુવા ભરી હોમ કર્યો હતો.

  આ મંદિર કડવા પાટીદાર લોકો માટે ખૂબ જ મહત્વનું માનવામાં આવે છે કેમ કે ઉમિયા માતા કડવા પાટીદાર લોકોની કુળદેવી છે. મંદિરની દિવાલોમાં પથ્થર અને ચાંદી પર કોતરણી જોવા

મળે છે અને તેનું શિખર તો ખૂબ જ સુંદર છે. મંદિર નજીક એક ફૂવારો જોવા મળે છે જેના પર નવગ્રહ દેવતાની મૂર્તિઓ, ગણેશજી વગેરે જોવા મળે છે. અહીં ઉમા ભવન જોવા મળે છે, જ્યાં રહેવા અને ખાવાની સુવિધા મળે છે. જો પ્રવાસીઓ દૂર દૂરથી આવ્યા હોય તો અહીં રાતવાસો પણ કરી શકે છો.

- **શંકુસ વૉટર પાર્ક, મહેસાણા:** ઉનાળામાં, ગરમીને હરાવવા માટે વૉટર પાર્ક શ્રેષ્ઠ સ્થળ છે અને મહેસાણાને ભારતના શ્રેષ્ઠ મનોરંજન ઉદ્યાનોમાંનું એક ગણવામાં આવે છે. સંકુસ વૉટર પાર્ક મનોરંજન, સવારી, મનોરંજનની અન્ય સુવિધાઓથી ભરેલો છે, જે પ્રવાસીઓને વારંવાર મુલાકાત લેવા આકર્ષે છે. મહેસાણાના આ વૉટર પાર્કમાં ખાસ કરીને સપ્તાહના અંતે ઉત્સાહીઓ અને બાળકો વારંવાર આવે છે. પ્રવાસન માટે શહેરની મુલાકાત લેતા પ્રવાસીઓ માટે તે એક દિવસની સફર માટે યોગ્ય છે.
- **અન્ય પ્રખ્યાત પર્યટન સ્થળો:** ઉપરોક્ત સિવાય મહેસાણા જિલ્લામાં શ્રી ચિમનાબાઈ સરોવર-ખેરાલુ, અલખ દરબાર સાધના આશ્રમ-ખેરાલુ, સ્વામિનારાયણ મંદિર-વડનગર, શ્રી પાર્શ્વનાથ જૈન મંદિર-ધિણોજ, મોટા મહાદેવ મંદિર-ધિણોજ, દાઉદી બૌહરા દરગાહ-ધિણોજ, અર્જુનબારી દરવાજા-વડનગર, વડનગર મ્યુઝિયમ, સોમનાથ મંદિર-વડનગર, અમરથોલ દરવાજા-વડનગર, પિઠોરી દરવાજા-વડનગર, સંભવનાથ જૈન મંદિર-તારંગા, સ્વામી વિવેકાનંદ તળાવ અને સ્વામી વિવેકાનંદ પાર્ક-મહેસાણા, ભીમનાથ મહાદેવ મંદિર-મહેસાણા, જલારામ મંદિર-પાલાવાસણા અને સ્નો પાર્ક-મહેસાણા પ્રખ્યાત જોવાલાયક સ્થળો છે.

## ૩. ઉપસંહાર

ચાવડા વંશના રાજપૂત મેહસાજી ચાવડાએ મહેસાણાની સ્થાપના કરી હતી. તેમણે ઈ.સ. ૧૩૫૮માં શહેરનું તોરણ અને મંદિર બંધાવ્યું હતું. તેનું વર્ણન ૧૯૩૨માં જયસિંહ બ્રહ્મભટ્ટે કર્યું હતું. ગાયકવાડે વડોદરા જીતીને પાટણને ઉત્તર ગુજરાતનું સંચાલન મથક બનાવ્યું હતું, જે પછીથી કડી અને ત્યારબાદ ૧૯૦૨માં મહેસાણામાં ખસેડાયું હતું Rajyagor, 1975: 23-29). મહેસાણાએ અનેક રાજા-મહારાજાઓ જોયા છે અને તેમના દ્વારા નિર્માણ કરવામાં આવેલ સ્મારકો અને સ્થાપત્યો પણ. જે આજના આધુનિક માનવને પોતાની તરફ ખેંચે છે. એટલે મનોરંજન અને ફરવાના શોખનો માટે મહેસાણામાં ૩૦થી પણ વધુ મનોરંજક અને ઐતિહાસિક સ્થાપત્યોને લગતા જોવાલાયક સ્થળો આવેલા છે.

## સંદર્ભસૂચિ


કનૈયાલાલ, (1957), મહેસાણા (પ્રાચીન-અર્વાચીન), મહેસાણા: જય જ્ઞાન

વસાવડા, ) .ટી.ડી2017 ,(થોર પક્ષી અભયારણ્ય રક્ષિત વિસ્તારના વ્યવસ્થાપન માટે સલાહ સમિતિની રચના , ગાંધીનગરવન અને પર્યાવરણ વિભાગ :

Desai, M.B. and J.S. Pereria (1954), Economic And Social Survey Of Mehsana District, Bombay: The Indian Society Of Agricultural Economics

Kaul, Dr. Advaitavadini (2002), Sun-Temple at Modhera (Gujarat), Vihangama - Vol. IV July - August 2002

Nisar, Zeba and Khurram Ashraf, (2009), Sun Temple at Modhera: An Ode in Stone, Architecture Times Space & People (10): 34-39

Rajyagor, S.B. (1975), Gujarat District Gazetteer Mehsana Vol-5, Ahmedabad: Digital Library Of India, Government of India

Sharma, Mohan (2011), Study on Designed Capacity of Dharoi Dam Vs Actual Command Area Irrigation, Ahmedabad: Development Support Centre

Shivangi, Vyas & Dharaiya Nishith, (2021), Assessment of wildlife habitat in Taranga hill forest with reference to change in land use and land cover, E-Journal of Applied Forest Ecology (eJAFE), Vol 9, No. (2021) 1 22 – 28

Sinha, A. K. (2014), District Groundwater Brochure Mahesana District Gujarat, Ahmedabad: Ministry of Water Resources, West Central Region, Government of India